# Meeting of EAM and NSA with US Special Representative for Afghanistan Reconciliation

May 07, 2020

## અફઘાનિસ્તાન સુલેહ માટે યુએસએનાં વિશેષ પ્રતિનિધિ સાથે વિદેશ મંત્રી અને રાષ્ટ્રિય સુરક્ષા સલાહકારની બેઠક

મે 07, 2020

અફઘાનિસ્તાન સમાધાન માટેનાં યુએસએનાં વિશેષ પ્રતિનિધિ શ્રી ઝાલ્મે ખાલિલઝાદે આજે વિદેશ મંત્રી અને રાષ્ટ્રિય સુરક્ષા સલાહકારને મળ્યા હતા. તેની સાથે યુએસએની રાષ્ટ્રિય સુરક્ષા પરિષદમાં વરિષ્ઠ નિર્દેશક શ્રીમતિ લિઝા કુર્ટિસ અને ભારતમાં યુએસનાં રાજદ્વારી શ્રી કેન જુસ્ટર રહ્યા હતા.

શ્રી ખાલિલઝાદે અફઘાનિસ્તાનમાં યુએસનાં શાંતિ અને સુલેહનાં પ્રયાસોની વિગતો પ્રદાન કરી હતી. યુએસ પક્ષે અફઘાનિસ્તાનને આર્થિક વિકાસ, પુનઃનિર્માણ અને માનવીય સહાયમાં ભારત દ્વારા કરવામાં આવેલા રચનાત્મક યોગદાનને ઓળખ્યું હતું. તેઓએ અફઘાનિસ્તાનમાં દીર્ઘકાલીન શાંતિ, સુરક્ષા અને સ્થિરતામાં ભારતની અગત્યની અને સાતત્યપૂર્ણ ભૂમિકાની અગત્યતા જણાવી હતી.

વિદેશ મંત્રીએ અને રાષ્ટ્રિય સુરક્ષા સલાહકારે શાંતિ, સુરક્ષા, એકતા, લોકતાંત્રિક અને સમાવેશક રાજકારણ અને અફઘાન હિંદુઓ અને શીખ લોકો સહિત અફઘાન સમાજનાં તમામ વર્ગોનાં અધિકારોનાં રક્ષણ માટે ભારતનાં સતત સમર્થનનું પુનઃઉચ્ચારણ કર્યું હતું. ભારત હિંસામાં થઈ રહેલા વધારા પર અત્યંત ચિંતિત છે અને તાત્કાલિક યુદ્ધવિરામ માટે કોરોનાવાઈરસ મહામારીનો સામનો કરવામાં અફઘાનિસ્તાનનાં લોકોને સહાય કરવાની જરૂરીયાત માટેનાં આહ્વાનને સમર્થન આપે છે. ભારત કોરોનાવાઈરસ દ્વારા ઉદ્ભવેલી પરિસ્થિતિનો સામનો કરવા અફઘાનિસ્તાનને માનવીય સહાય અને તબીબી પૂરવઠાઓ પૂરા પાડવામાં જોડાયેલું રહે છે. એવું ભારપૂર્વક કહેવામાં આવ્યું હતું કે અફઘાનિસ્તાનમાં ટકાઉ અને દીર્ઘકાલીન શાંતિ અને સ્થિરતા માટે આતંકવાદીઓનાં સુરક્ષિત સ્થળો અને રક્ષિત જગ્યાઓને સમાપ્ત કરવી જરૂરી છે.

**નવી દિલ્હી**
**મે 07, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.